# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૧૩/૧૧/૨૦૧૭ થી તા.૧૯/૧૧/૨૦૧૭

## પ્રેસનોટ- ૧

**કોલગેટ ધાડના ચકચારી ગુન્હાનો ભેદ ઉકેલી "અહિયા ગેંગ" ના મુખ્ય સૂત્રધાર સહિત કુલ-૦૫ સાગરીતોને રૂ.૬૦ લાખના ઓરીઝનલ મુદામાલ સાથે પકડી ગણત્રીના દિવસોમાં ભેદ ઉકેલતી અમદાવાદ ગ્રામ્ય પોલીસ**

ગઇ તા.૨૬/૧૦/૨૦૧૭ ના રોજ ફરિયાદીશ્રી મહેન્દ્રકુમાર એસ/ઓ રામાનંદ યાદવ ઉ.વ.૨૯ રહે. કર્મનગરી, બિલ્ડીગ બેમીસાલ,રૂમ નં. ૨૦૧૭, મુમરા-પનવેલ રોડ, દહીસર-મોરી, પોસ્ટ પીપરી થાના દહીસર-મોરી તા.જી .થાના નવી મુંબઇ (મહારાષ્ટ્ર) નાઓ પોતાની ટ્રેલર ગાડી નં. એમ.એચ. ૪૩.ઇ. ૯૯૨૮માં જેટ રોડ લાઇન્સ ટ્રાન્સપોર્ટ મારફતે સાણંદ જી.આઇ.ડી.સી ખાતેની કોલગેટ કંપની માંથી કોલગેટ પેસ્ટ (૫૪ ગ્રામવજનવાળી) ના કુલ ૧૦૬૭ કાર્ટુન, વજન ૨૦ ટન જેની અંદાજે કિ.રૂ. ૪૦,૦૦,૦૦૦/- નો માલ ભરી જેટ રોડ લાઇન્સ ટ્રાન્સપોર્ટના સુપરવાઇઝર સુનીલકુમાર નાઓ સાથે રાત્રીના આશરે દસેક વાગે ભીવંડી મુંબઇ ખાતે જવા નિકળેલા અને કોલગેટ કંપનીથી આશરે એકાદ કિ.મી. રોડ ઉપર આગળ આવતા ટ્રેલર પાછળ થી એક સફેદ કલરની ટાવેરા ગાડી આવી ટ્રેલરની આગળ આડી કરેલ તેમાંથી આશરે ૨૫ થી ૩૫ વર્ષના આશરાના પાંચ-છ ઇસમો ઉતરી ફરિયાદીશ્રી ની ગાડિના દરવાજાનો કાચ તોડી, દરવાજો ખોલી ફરિયાદીશ્રી તથા સાહેદ સુપરવાઇઝર સુનીલ કુમારને માર મારી કપડાથી હાથ-પગ તથા મોઢુ બાંધી ટાવેરામાં ફરીયાદી સાહેદનુ અપહરણ કરી તા.૨૭/૧૦/૧૭ ના રોજ સાડા ત્રણ-ચારેક વાગે સાહેદ સુનીલકુમાર નાઓને નવસારી નજીક અને ફરિયાદીશ્રી ને આશરે ચાર સાડા ચાર વાગે ચીખલી ગામ નજીકમાં ઉતારી, ફરિયાદી/સાહેદ પાસેની રોકડ રૂ.૫,૫૦૦/- તથા મોબાઇલ ફોન નંગ–૦૩ તથા ટ્રેઇલર કી.રૂ.૨૦,૦૦,૦૦૦/- તથા તેમા ભરેલ કોલગેટ કી.રૂ.૪૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૬૦,૦૫, ૫૦૦/- ની મત્તાની લૂંટ કરી નાસી ગયેલ સબંધે સાંણદ જી.આઇ.ડી.સી પો.સ્ટે ખાતે છ અજાણ્યા ઇસમો વિરૂધ્ધ ગુન્હો નોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ

શ્રી એ.કે. જાડેજા સાહેબશ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ અમદાવાદ તથા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી/એસ.ઓ.જી/પેરોલ ફર્લો સ્કોર્ડ અને સ્થાનિક પોલીસની અલગ અલગ સાત જેટલી ટીમો બનાવી ગુન્હો શોધવા ચક્રો ગતિમાન કરેલ તેના ભાગરૂપે સાંણદ જી.આઇ.ડી.સી પો.સ્ટેના પો.ઇન્સ.શ્રી આર.એચ.ઝાલા, પો.સ.ઇ.શ્રી વી.ડી. ઝાલા તથા એલ.સી.બી પો.ઇન્સ. શ્રી ડી.ડી. સોઢા, પો.સ.ઇ શ્રી આઇ.એમ. ઝાલા અને શ્રી એન.બી.બારોટ તથા એસ.ઓ.જી. પો.સ.ઇ.શ્રી વી.એમ કોલાદરા, પો.સ.ઇ.શ્રી એન.એ રાયમા તથા પેરોલ ફર્લો પો.સ.ઇ. શ્રી એ.સી.ગોહિલ તેમજ એલ.સી.બી,/એસ.ઓ.જી./પેરોલ ફર્લો સ્કોર્ડ અને સ્થાનિક પોલસની કુલ-૭ જુદી જુદી ટીમે ગુન્હાવાળી જગ્યાની વિજીટ કરી, આ પ્રકારે ગુન્હા આચરતી ગેંગ સબંધે માહિતી એકત્રિત કરી, ફરિયાદીશ્રી એ આપેલ બનાવ હકિકત અને આરોપીઓની ભાષા (બોલી)ના અનુમાન આધારે તમામે પોતાના બાતમીદારો ધ્વારા ગુન્હો શોધવા કવાયત હાથ ધરેલ દરમ્યાન લૂટમાં ગયેલ ટ્રેલર ગાડી નં. એમ.એચ. ૪૩.ઇ.૯૯૨૮ કિ.રૂ. ૨૦,૦૦,૦૦૦/- ની બીનવારસી માળીયા-મીયાણા પો.સ્ટે હદના પીપળીગામની સીમ હાઇવે રોડ ઉપરથી મળી આવેલ જેની તપાસ દરમ્યાન મુદ્દામાલ તથા ફરિયાદીશ્રી બન્નેને અલગ અલગ દિશા તરફ લઇ જઇ લૂંટ કરવાની મોડસ ઓપરેન્ડરી વાળી ગેંગ અંગે ઉંડાણપૂર્વકની તપાસમાં સંડોવાયેલ ટાવેરા ગાડિ અમદાવાદ તરફ આવી રહ્યા અંગેની સાંણદ જી.આઇ.ડી.સી. પો.સ્ટેના પો.સ.ઇ. શ્રી વી.ડી.ઝાલા નાઓને મળેલ ચોકકસ બાતમી આધારે એસ.ઓ.જી ના પો.કોન્સ સહદેવસિંહ તથા ભરતસિંહે બાકરોલ સર્કલ નજીક ધોળકા- સરખેજ હાઇવે રોડ, વિસલપુર ગામ નજીક વોચ ગોઠવી આજ પ્રકારની ટાવેરા ગાડિમાં શંકાસ્પદ માણસોને ભારે જહેમત બાદ આ ગુન્હામાં સંડોવાયેલ પાંચ ઇસમોને ઝડપિ લેવામાં સફળતા મળેલ છે.

## ગુન્હાના માસ્ટર માઇન્ડ મૂખ્ય સૂત્રધાર સહિત કુલ- ૦૫ ઝડપાયા

(૧) મહમંદ ઇમરાન ફયાઝઉદીન જાતે ખાન ઉ .વ. ૨૫ રહે. અહિયાપુર ગાવ, તા.પટ્ટી જી.પ્રતાપગઢ,( ઉ.પ્ર)

(૨) ગ્યાસુઉદીન વહાજુદીન શેખ ઉ.વ. ૩૬ રહે. આઝાદનગર, તા. પતવાલી જી.પ્રતાપગઢ,( ઉ.પ્ર)

(૩) અબ્દુલા કમરૂદિન જાતે ખાન ઉ.વ. ૨૨ રહે. અહિયાપુર ગાવ, તા. પટ્ટી જી.પ્રતાપગઢ,( ઉ.પ્ર)

(૪) મોહમદ અશરફ મહમંદ ઇસરાદ કુરેશી ઉ.વ.૨૧ રહે. રામનગર ગાવ, તા. માંધાતા જી.પ્રતાપગઢ,( ઉ.પ્ર)

(૫) અબ્દુલ મોહિદ ઉર્ફે છોટન અબ્દુલ વાહિદ જાતે ખાન ઉ.વ. ૨૨ રહે. અહિયાપુર ગાવ, તા.પટ્ટી જી.પ્રતાપગઢ, ( ઉ.પ્ર)

## રૂ.૬૦,૦૦,૦૦૦/- નો ઓરીજનલ મુદ્દામાલ રીકવર

ઉકત આરોપીઓએ ગુન્હાને અંજામ આપી ટ્રક-ટ્રેલરમાં ભરેલ કોલગેટના કાર્ટુન નંગ- ૧૦૬૭, (વજન ૨૦ ટન) કિ.રૂ. ૪૦,૦૦,૦૦૦/-ના જામનગર થી રાજકોટ હાઇવે રોડ ખાતેના ગોડાઉન માંથી રીકવર કરેલ આમ, ટ્રક-ટ્રેલર સાથે મળી કુલ રૂ.૬૦,૦૦,૦૦૦/-નો ઓરીઝનલ મુદ્દામાલ રીકવર થયેલ છે.

## આરોપીઓએ ગુન્હાને કેવી રીતે અંજામ આપેલ

આ કામના આરોપીઓએ ગુન્હાને અંજામ આપવા સારૂ પ્રથમ ગુન્હામાં ઉપયોગ કરેલ ટાવેરા ગાડિ ની મહારાષ્ટ્ર ના નાલા સોપારા વિસ્તારમાંથી ચોરી કરી ગાડિ સાથે પ્રથમ સાંણદ જી.આઇ.ડી.સી ખાતે રેકી કરેલ દરમ્યાન ફરિયાદીશ્રી ટ્રક-ટ્રેલર લઇ નિકળતા પીછો કરી રસ્તામાં ટ્રક-ટ્રેલર રોકી ફરીયાદિ/સાહેદને માર મારી કપડાથી હાથ-પગ મોઢુ બાધી, બે ઇસમોએ ફરિયાદીશ્રીનુ ટ્રક-ટ્રેલર ચલાવી રાજકોટ તરફ લઇ ગયેલ જ્યારે બાકીના ઇસમોએ ફરિયાદી/સાહેદનુ ટાવેરા ગાડીમાં અપહરણ કરી નવસારી/ વાપી નજીક ઉતારી ટ્રક-ટ્રેલરમાં ભરેલ કોલગેટનો માલ અગાઉથી વ્યવસ્થા કરેલ જામનગર પાસેના ગોડાઉનમાં સંતાડી ખાલી ટ્રક-ટ્રેલર માળીયા પાસે બીન-વારસી છોડી ભાગી જઇ ગુન્હાને અંજામ આપેલ

## ફોર વ્હિલ ચાર વાહન ચોરીની કબૂલાત

આરોપીઓએ ગુન્હાને અંજામ આપવા સારૂ આ ગુન્હામાં વપરાયેલ ટાવેરા ગાડિની મુબઇના નાલા સોપરા ખાતેથી ચોરી કરેલ તે ઉપરાંત અન્ય બીજા ફોરવ્હિલ વાહન-03 મળી કુલ ચાર વાહનની મહારાષ્ટ્ર રાજ્ય માંથી ચોરી કરેલાની કેફિયત આપેલ જેમાં બોલેરો, બીટ, ટાવેરા ગાડિઓનો સમાવેશ થાય છે. જે અંગે મુંબઇના મૃદુલ પોલીસ સ્ટેશન ખાતે બીટ વાહન ચોરીનો ગુન્હો તથા નાલા સોપરા પો.સ્ટે. ખાતે ટાવેરા વાહન ચોરીનો ગુન્હો નોધાયેલની હકિકત હાલ સુધિ જાણવા મળેલ છે.

## ગુજરાત અને પડોશી રાજ્યના વધુ ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા

આરોપીઓ ચોરીના વાહનનો ગુન્હામાં ઉપયોગ કરતા હોઇ ચોરી કરેલ વાહનની સંખ્યા ધ્યાને લેતા આ મોડસ ઓપરેન્ડીથી નોધાયેલ ગુજરાત રાજ્ય તથા પડોશી રાજ્યોના વધુ ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

## રીઢા વાહન ચોર ઝડપાયા

કોલગેટ ધાડના ગુન્હાની કામગીરીમાં હતા તે દરમ્યાન ઉપરોકત ઇસમો મહારાષ્ટ્ર પાસીંગની બીટ ગાડિ લઇ આવતા ચાલક સહિત કુલ- ૪ ઇસમોને હાજર જણાયેલ તેઓને હાજર રાખી ગાડિ તપાસતા ગાડિની ચાવી ન હોઇ તેમજ સ્ટેયરીગ લોક તૂટેલુ હોઇ તે સંબધે પૂછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપેલ નહિ જેથી બીટ કિ.રૂ. ૨,00,000/-ની કબ્જે કરી અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા કબ્જે કરેલ બીટ ગાડી મહારાષ્ટ્ર રાજ્ય માંથી ચોરી કરેલાની કેફીયત આપેલ

(૧) બાબુલાલ પ્રતાપજી જાતે માળી (મારવાડિ) ઉ.વ.૨૬ રહે.વરેલી પાટીયા પલસાણા સુરત મુળરહે.લાખણી ગામ તા.ભીનમાલ જી.ઝાલોર (રાજસ્થાન)

(૨) ચેતન ધનરાજજી પુરોહિત ઉ.વ. ૩0 રહે. ૧૧૬-સિધ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ , સરવાડા રોડ,વાપી તા. પાલડી જી.વલસાડ

(૩) મયુર પ્રકાશભાઇ પટેલ ઉ.વ.૨૩ રહે. રાતાકોચરવા પ્રકાશ ફળીયુ તા.વાપી જી.વલસાડ

(૪) જાહેદ સ/ઓ યાહિયાખાન જાતે ખાન ઉ.વ. ૨૨ રહે. અહિયાપુર ગાવ, તા.પટ્ટી જી.પ્રતાપગઢ,( ઉ.પ્ર)

ઉકત ઇસમોની પૂછપરછમાં ચેતન ધનરાજજી પુરોહિત સુરતની આસપાસના વિસ્તારોમાં ગે.કા. દારૂનો ધંધો કરતો હોવાનુ તથા આ ચોરી કરાયેલ ગાડિઓ તેના દારૂના ધંધામાં ઉપયોગમાં લેવા સારૂ મંગાવતો હોવાનુ તેમજ પોતે સુરત શહેરના સચીન પોલીસ સ્ટેશનમાં નોધાયેલ દારૂના ગુન્હામાં વોન્ટેડ હોવાનુ જાણવા મળેલ છે.

આરોપીઓ ઉત્તર પ્રદેશના અહિયાપુર ગામના વતની હોઇ આ ગેંગ **“અહિયા ગેંગ” થી કુખ્યાત છે.**

| | | |
|---|---|---|
|  |  |  |
|  | | |

# પ્રેસનોટ- ૨

## રૂ.૫૦ હજારથી વધુની કિમતના પરપ્રાંતિય દારૂના જથ્થા સાથે એક ઇસમને ઝડપી પાડતિ એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય

વિધાનસભા-૨૦૧૭ સામાન્ય ચૂંટણીને ધ્યાને લઇ ચૂંટણી પ્રકિયા શાંતિપૂર્ણ ભય મુકત વાતારણમાં યોજાય અને જીલ્લામાંથી પ્રોહી પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ થાય તે હેતુસર જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ ખાસ એકશન પ્લાન બનાવી વ્યુહાત્મર જગ્યાએ નાકાબંધી કરી પરીણામ લક્ષી વાહન ચેકિગ કરવા જીલ્લાના અધિકારીશ્રીઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી પો.ઇન્સ.શ્રી ડી.ડી.સોઢા,પો.સ.ઇ.શ્રી એન.બી.બારોટ, પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા અને એલ.સી.બી ટીમે ચોકકસ બાતમી આધારે કણભા પો.સ્ટે હદના કુહા ગામે રેઇડ કરી  ગલાજી શનાજી નાએ પોતાના કબ્જા ભોગવટાવાળા મકાનમાં અનાજ ભરવાના લોખંડના પીપમાં સંતાડેલ વિવિધ માર્કાની પરપ્રાંતિય દારૂની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ-૮૪ કી.રૂ. ૫૧,૬૦૦/- સાથે ઝડપી પાડેલ

## ૫૧,૬૦૦/-ના પરપ્રાંતિય દારૂના જથ્થા સાથે એક ઇસમ ઝડપાયો

□□□□□ (૧) ગલાજી શનાજી  સોઢા (પરમાર) ઉ.વ.૩૨ રહેવાસી બળીયાદેવ વિસ્તાર તાબે કુહા તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ

ઉકત આરોપી દારૂનો જથ્થો ક્યાથી અને કેવી રીતે મેળવેલ તથા કોને આપવાનો હતો અન્ય બીજા કોઇ સહ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ સારૂ આરોપીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવવા તજવીજ કરેલ છે.





# પ્રેસનોટ- ૩

## રૂ.૭૨ હજારથી વધુની કિમતના પરપ્રાંતિય દારૂના જથ્થાની હેરાફેરી કરતા ચાર ઇસમોને ઝડપી પાડતિ એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય

*વિધાનસભા-૨૦૧૭ સામાન્ય ચૂંટણીને ધ્યાને લઇ ચૂંટણી પ્રકિયા શાંતિપૂર્ણ ભય મુકત વાતારણમાં યોજાય અને જીલ્લામાંથી પ્રોહી પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ થાય તે હેતુસર જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ ખાસ એકશન પ્લાન બનાવી વ્યુહાત્મર જગ્યાએ નાકાબંધી કરી પરીણામ લક્ષી વાહન ચેકિગ કરવા જીલ્લાના અધિકારીશ્રીઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી પો.ઇન્સ.શ્રી ડી.ડી.સોઢા,પો.સ.ઇ.શ્રી એન.બી.બારોટ, પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા, શ્રી એ.સી. ગોહિલ પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કોર્ડ અને એલ.સી.બી ટીમે ચોકકસ બાતમી આધારે સેલાથી કાણેટી જતા રોડ ઉપર કાણેટી ગામની સીમમાં નાગદેવતા મંદિર પાસે વોચ ગોઠવી ફોકસ વેગન ગાડિ નંબર જી.જે. ૦૧ કે.જે ૮૧૫૧ માં પાર્ટી સ્પેશીયલ માર્કાની પરપ્રાંતિય દારૂની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ- ૧૮૦ કી.રૂ. ૭૨,૦૦૦/- સાથે ચાલક સહિત કુલ ચાર ઇસમોને ઝડપી પાડેલ*

### રૂ. ૪,૭૨,૫૦૦/-ના મુદ્દામાલ સાથે ચાર ઝડપાયા

*(૧) વિજય ઉર્ફે ગીરીશભાઇ ઠાકોર ઉ.વ. ૨૬ રહે ધુમા તા.દશક્રોઇ*

*(૨) સંજયભાઇ રમણલાલ બારોટ ઉ.વ. ૨૮ રહે.દેથલી તા. સીધ્ધપુર જી પાટણ*

*(૩) કિરણકુમાર પ્રવિણભાઇ વાણીયા ઉ.વ. ૧૯ રહે. કાણેટી તા.સાંણદ*

*(૪) મેહુલ મનુભાઇ જાદવ ઉ.વ. ૨૪ રહે. ખોરવાડા, રામપુરા તા. સીધ્ધપુર જી. પાટણ*

*ઉકત આરોપીઓ વેગન ગાડિ નંબર જી.જે. ૦૧ કે.જે ૮૧૫૧ માં પરપ્રાંતિય દારૂની હેરાફેરી કરતા દારૂના જથ્થા તથા ગાડિ અને મો. ફોન-૧ મળી કુલ રૂ. ૪,૭૨,૫૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા કબજે કરવામાં આવેલ છે. જે દારૂનો જથ્થો ક્યાથી અને કેવી રીતે મેળવેલ તથા કોને આપવાનો હતો અન્ય બીજા કોઇ સહ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ સારૂ આરોપીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવવા તજવીજ કરેલ છે.*





## પ્રેસનોટ- ૪

### માથાભારે પ્રવુતિ આચરનાર ઇસમ તથા દારૂનો ધંધો કરનાર બુટલેગ્રસ ને પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપતી અમદાવાદ ગ્રામ્ય જીલ્લા પોલીસ

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ ન્યાયી અને મુકત વાતાવરણમાં યોજાય તે સારૂ જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ આપેલ ખાસ સૂચના અન્વયે બગોદરા પોલીસ સ્ટેશન ધ્વારા તથા સાણંદ જી.આઇ.ડી.સી.પોલીસ સ્ટેશન ધ્વારા તૈયાર કરવામાં આવેલ પાસા દરખાસ્તો તેમના ડીવીઝનના વડાશ્રી નાઓ મારફતે અભિપ્રાય સહીત અત્રે જીલ્લા કલેકટર શ્રી અમદાવાદ નાઓ તરફ મોકલી આપવા મોકલતા અત્રેથી પાસા દરખાસ્તો અભિપ્રાય સહિત જીલ્લા કલેકટરશ્રી અમદાવાદ નાઓને મોકલી આપતા જીલ્લા કલેકટર શ્રી અમદાવાદ નાઓએ સદરહું બંને પાસા દરખાસ્તો મંજુર રાખી સદરી બંને ઇસમોના પાસા વોરંટ જારી કરતા નીચે ની વિગતે અટકાયત કરી અટકાયતમાં રહેવા જેલોમાં મોકલી આપવામાં આવેલ છે.

(૧) ગોવિંદભાઇ ઉર્ફે ગોદડ નારણભાઇ ચૌહાણ રહે.સરલા ગામ તા.બાવળા જી.અમદાવાદ નાઓને પ્રોહી,શરીર સબંધી મળી કુલ ૦૬ ગુનાઓના કામે જીલ્લા કલેકટર શ્રી અમદાવાદ નાઓ જારી કરેલ પાસા વોરંટ અન્વયે બગોદરા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ.શ્રી આર.આઇ.સોલંકી નાઓ ધ્વારા તા ૧૧/૧૧/૧૭ ના કલાક ૧૮/૪૫ વાગે અટકાયત કરી પાસા વોરંટ ની બજવણી કરવી રાજકોટ મધ્યસ્થ જેલમાં અટકાયતમાં મોકલી આપવામાં આવેલ છે.

(૨) પ્રહલાદભાઇ નાગરભાઇ કો.પટેલ રહે.ઝોલાપુર ગામ તા.સાણંદ જી.અમદાવાદ નાઓને વિદેશી દારૂ ના બે કવોલીટી કેસના કામે જીલ્લા કલેકટર શ્રી અમદાવાદ નાઓ ધ્વારા જારી કરેલ પાસા વોરંટ અન્વયે શ્રી આર.એચ.ઝાલા પોલીસ ઇન્સ.સાણંદ જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશન નાઓ ધ્વારા તા ૧૪/૧૧/૧૭ ના કલાક ૧૬/૦૦ વાગે અટકાયત કરી પાસા વોરંટ ની બજવણી કરવી રાજકોટ મધ્યસ્થ જેલમાં અટકાયતમાં મોકલી આપવામાં આવેલ છે.

આમ અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં વિધાનસભાની ચુંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે પ્રકીયાના ભાગ રૂપે સદરી બંને ઇસમોની વિરૂધ્ધમાં પાસા હેઠળ કાર્યવાહી કરી દાખલો બેસાડી સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

*આમ અમદાવાદ જીલ્લા પોલીસ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(આર.વી.અસારી)*
*પોલીસ અધિક્ષક*
*અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ*